

# 26 જાન્યુઆરી- પ્રજાસત્તાક દિવસ



તારીખ :-26/01/2026

વાર :- સોમવાર

- **પ્રસ્તાવના :-**

ભારતના ઈતિહાસમાં ૨૬ જાન્યુઆરીનો દિવસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે. સન 1950 માં આ દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને આપણો દેશ એક સંપૂર્ણ લોકશાહી પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યો. આ દિવસ આપણને આપણા હક્કો અને ફરજોનું ભાન કરાવે છે અને દેશભક્તિના રંગે રંગાવાનો અવસર પૂરો પાડે છે. આપણી શાળામાં આ પર્વની ઉજવણી દેશભક્તિના જોશ અને શિસ્તબધ્ધ માહોલમાં કરવામાં આવેલી હતી.

- **પ્રવૃતિનો હેતુ:-**

આ ઉજવણીનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને બંધારણીય મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવાનો છે. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓ ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના શહીદોના બલિદાનને સમજે અને દેશના જવાબદાર નાગરિક તરીકે પોતાની ફરજો પ્રત્યે સભાન બને તેવો પ્રયાસ કરવામાં આવે છે. આ ઉપરાંત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવાનો પણ આશય છે.

- **પ્રવૃતિની વિગત:-**

**ભારત સરકારના 'બેટી બચાવો ,બેટી પઢાઓ'ફ્લેગશીપ કાર્યક્રમને વેગ આપવા પ્રજાસત્તાક દિન નિમિત્તે "દિકરીના પ્રણામ ,દેશને નામ "અંતર્ગત** કિસાન માધ્યમિક વિદ્યાલયમાં 77 માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં શાળાના દરેક વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમજ શિક્ષકો તથા બિન-શૈક્ષણિક સ્ટાફગણ પણ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ચેતનાબેન જોષી (એડવોકેટ-લુણાવાડા) ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમને પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં આજના દિવસનું મહત્વ સમજાવ્યુ હતું અને દેશને આઝાદી અપાવનાર સેનાનીઓના બલિદાનની યાદ અપાવી હતી.આ ઉપરાંત શાળાના આચાર્યશ્રીએ પણ વિદ્યાર્થીઓમાં દેશપ્રેમની ભાવના જાગૃત થાય અને વિદ્યાર્થીઓને રાષ્ટ્રના ઘડતરમાં પોતાનો ફાળો આપવા માટે પ્રેરિત કર્યા હતા.તેમજ શાળાકીય પ્રવૃત્તિમાં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનારને મુખ્ય મહેમાનના હસ્તે મેડલ

એનાયત કરવામાં આવ્યા હતા.અંતમાં વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીતોનું ગાન કર્યું હતું અને તેને અનુરૂપ નૃત્ય પણ રજુ કર્યું હતું.

- ઉપસંહાર :-

આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના વધુ પ્રબળ થઈ અને તેઓએ દેશ માટે કંઈક કરવાની પ્રેરણા મેળવી. આ કાર્યક્રમ શાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓના સહકારથી સફળ રહ્યો.

- પ્રવૃતિ શિક્ષકશ્રીનું નામ:- રસિકભાઈ આર.પટેલ અને સુજીતસિંહ જે.પરમાર
- પ્રવૃતિના ફોટોગ્રાફ :-















---